રજુ તારીખઃ ૦૮/૦૨/૨૦૨૪
દાખલ તારીખઃ ૦૮/૦૨/૨૦૨૪
ફેંસલ તારીખઃ ૨૭/૦૩/૨૦૨૬
અવધિઃ૦૨–વર્ષઃ ૦૧–માસઃ ૧૯–દિવસ

**પાટણ જિલ્લાના મે. મુખ્ય ડિસ્ટ્રીક્ટ જજશ્રીની અદાલત સમક્ષ, મું. પાટણ.**

**રેગ્યુ. સિવિલ અપીલ નં.૦૪/૨૦૨૪**

આંક– ૧૨,

**વિવાદીઃ–**
**મુળ સામાવાળા**

સોલંકી કનકબા હઠીસિંહ ઝીલુજીની પત્ની
તથા જેઠુજી નવલસંગની દિકરી,
ઉ.વ.આ.–૩૮ ધંધો–કાંઈ નહી,
રહે.કંબોઈ તા.ચાણસ્મા જી.પાટણ,
હે.દેલમાલ જવાના રસ્તાપર.

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદીઃ–**
**મુળ અરજદાર**

સોલંકી હઠીસિંહ ઝીલુજી માનુંજી,
ઉ.વ.આ.–૪૩ ધંધો–ખેતમજુરી,
રહે.કંબોઈ તા.ચાણસ્મા, જી.પાટણ,
હે.દેલમાલ જવાના રસ્તાપર.

બાબતઃ **હિન્દુ મેરેજ એક્ટની કલમ ૨૮ (૧એ) મુજબ અપીલ,**

---

અરજદાર તરફે.. ઃ– વિ.વ.શ્રી એ.આર.ત્રીવેદી,
સામાવાળા તરફે.. ઃ– વિ.વ.શ્રી એમ.આઇ.મનસુરી.

---

**ઃ–ઠરાવ ઃ–**

૧.. વિવાદી તરફે હાલની આ અપીલ આ કામના પ્રતિવિવાદી તરફે હિન્દુ મેરેજ એક્ટની કલમ ૧૩(૧)(૧–એ) તથા (૧–બી) મુજબ છુટાછેડા મેળવવા સારૂ હિન્દુ મેરેજ પીટીશન દાખલ કરેલ. જે પીટીશનના કામે પાટણના મહેરબાન ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીએ એચ. એમ. પી. નં. ૦૬/૨૦૨૦ ના કામે તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ કરેલ આખરી હુકમ તથા હુકમનામા સામે દાખલ કરેલી છે.

૨.. પાટણના મહેરબાન ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાલતા એચ. એમ. પી. નં. ૦૬/૨૦૨૦ ના કામે વિવાદી એ મૂળ સામાવાળા છે, અને પ્રતિવિવાદી એ મૂળ અરજદાર છે. જેથી સદરહુ અપીલના કામે સામાવાળા અને અરજદાર તરીકે સંબોધવામાં આવેલ છે.

૪.. વિવાદીની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિવિવાદી તરફે વિવાદી વિરૂધ્ધ પાટણના મહેરબાન ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં એચ. એમ. પી. નં. ૦૬/૨૦૨૦ થી અરજી દાખલ કરેલ. સદરહું અરજીનું પ્રોસીડીંગ્સ ટ્રાયલ કોર્ટમાં ચાલી જતાં મે. ટ્રાયલ કોર્ટે સદર કામે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લઇ તેનો ગુણદોષ ઉપર નિકાલ કરી પ્રતિવિવાદીની અરજી મંજુર કરતા તે વિરૂધ્ધ વિવાદી તરફે અપીલ દાખલ કરેલ છે, અને તેમની અપીલ અરજીના કારણોમાં જણાવેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ અને હુકમનામુ કાયદા વિરૂધ્ધનું, હકિકત વિરૂદ્ધનું અને રજુ થયેલા પુરાવા વિરૂદ્ધનું હોય રદ થવા પાત્ર છે. વિવાદીને કોઇપણ જાતની તક આપ્યા સિવાય માત્ર એક પક્ષકાર તરફથી રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં મહત્વની ભુલ કરેલ છે. નામદાર નીચેની કોર્ટે જે સમંસ કાઢેલ છે, તે સમંસ યોગ્ય રીતે બજવણી થયેલ છે કે કેમ? તેની ચકાસણી કર્યા સિવાય માત્ર પ્રતિવિવાદીના કહેવા મુજબ તેમજ રજુઆત મુજબ કરેલ પુરાવાના આધારે જે હુકમ કરેલ છે, તે ગેરકાયદેસર અને ખોટો છે. વિવાદીની ભળતી સહી નામદાર કોર્ટના સમંસમાં પ્રતિવિવાદી દ્વારા કરેલ

હોવાનું તેવુ સ્પષ્ટ જણાઇ આવે છે. પ્રતિવિવાદી છેલ્લા ઘણા વર્ષોથી વિવાદી સાથે પત્નિ તરીકેનો કોઇ જાતનો સંબધ રાખતા નથી. વિવાદી હાલમાં કંબોઇ મુકામે ઉપરના ભાગે રહે છે, અને તેઓની નાની બહેન તથા દિયર બીજા રૂમમાં રહેતા હતા અને પ્રતિવિવાદી ઘણા સમયથી તેમના માતા પિતા સાથે નીચેના રૂમમાં રહે છે. વિવાદી એકલી ઉપરના ભાગે રુમમાં રહે છે, અને તેણીનું ભરણપોષણ તેમના ભાઇઓ કરે છે, અને ઘણા વર્ષોથી તેના પતિ કોઇ આવક આપતા નથી. પ્રતિવિવાદીએ નામદાર કોર્ટનો સમંસમાં ભળતી સહી કરીને લીધેલ હોચ તેવુ સ્પષ્ટ પણે દેખાઇ આવે છે, અને વિવાદીની જાણ બહાર તા. ૩૦/૦૭/૨૦૨૧ના રોજ એક તરફી છુટાછેડાનું હુકમનામુ મેળવેલ છે, અને ત્યારબાદ પ્રતિવિવાદી દ્ધારા તા.૧૪/૦૭/૨૦૨૩ના રોજ રજીસ્ટર પોસ્ટ એડી થી એચ.એમ.પી. નં. ૦૬/૨૦૨૦ના કામે થયેલ હુકમ તથા હુકમનામું વિવાદીના પિતાશ્રીને મોકલી આપેલ ત્યારે વિવાદીના પિતાશ્રીએ વિવાદીને જાણ કરેલ ત્યારે ખબર પડેલ છે. નામદાર નીચેની કોર્ટમાં વિવાદીને રજુઆત કરવાની કોઇ તક મળેલ નથી. વિવાદીને યોગ્ય પુરાવો રજુ કરવાની તેમજ સાચી હકીકત રજુ કરવાની તક મળી હોત તો પ્રતિવિવાદી દ્ધારા જે હુકમ અને હુકમનામુ મેળવેલ છે, તે રદ કરવાની તક મળી હોત જેથી હાલની વિવાદ કરેલ છે. જેથી વિવાદીની વિવાદ અરજી મંજુર કરી એચ.એમ.પી. નં. ૦૬/૨૦૨૦ના કામે તા. ૩૦/૦૭/૨૦૨૧ના રોજ કરેલ હુકમ અને હુકમનામુ રદ કરવા વિકલ્પે સદર કેસ નીચેની કોર્ટમાં વિવાદીને પુરાવાની તક આપવા માટે રીમાન્ડ કરવા અરજ કરેલ છે.

૪.. આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રી એ.આર.ત્રીવેદી હાજર થયેલ છે તથા સામાવાળા તરફે વિ.વ.શ્રી એમ.આઇ.મનસુરી હાજર થયેલ છે.

૫.. પાટણના મહેરબાન ત્રીજા એડીશ્નલ સીનીચર સીવીલ જજ સાહેબશ્રી નું સદર એચ.એમ.પી.નું રેકર્ડ જોતાં અરજદાર તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

**અરજદાર તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ–**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર સોલંકી હઠીસિંહ ઝીલુજી માનુંજીનું સરતપાસનું સોગંદનામું. | ૧૧ |
| ૨. | અરજદાર તરફે સામાવાળાને વકીલ મારફતે આપેલ નોટીસની સ્થળપ્રત નકલ અસલ. | ૧૪ |
| ૩. | સામાવાળાને નોટીસ રજી.પો.એ.ડી. કર્યાની પોસ્ટની પાવતી. | ૧૫ |
| ૪. | સામાવાળાએ નોટીસ લેવાની ના પાડતાં બંધ કવર પરત આવેલ તે બંધ કવર અસલ. | ૧૬ |
| ૫. | અરજદારના આધારકાર્ડની નકલ. | ૧૭ |
| ૬. | કલોઝીંગ પુરસીશ. | ૨૫ |

૬.. આ કેસમાં ઉપરોક્ત પક્ષીય નિવેદનોનાં આધારે ટ્રાયલ કોર્ટના વિ. ન્યાયાધીશ દ્વારા એચ.એમ.પી.નાં નિર્ણય અને નિકાલ માટે આંક–૧૦ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલા છે.

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, આ કામના સામાવાળાએ હાલની અરજીના કર્યાના તરતના બે વર્ષ કે તેથી વધુ સમયથી અરજદારનો કોઈપણ વાંક ગુના કે કસુર વગર સ્વૈચ્છીક રીતે ત્યાગ કરેલ છે ?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓના આ કામના સામાવાળા સાથેના લગ્નજીવનના હક્કો છેલ્લા ૧૩ વર્ષથી પુન:સ્થાપિત થયેલ ન હોઈ તેઓ કાયદેસર રીતે સામાવાળા સાથે થયેલ લગ્નના વિચ્છેદનું હુકમનામું મેળવવા હક્કદાર થયેલ છે ?

૩. શું હુકમ અને શું હુકમનામું ?

૭.. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

૮.. વિવાદી તરફે આંક–૯ થી લેખીત દલીલો રજુ કરેલ છે. વધુમાં વિવાદી તરફે વિ.વ.શ્રી એ.આર.ત્રીવેદી રજુઆત કરતા જણાવે છે કે, વિવાદી તથા પ્રતિવિવાદીના લગ્ન તા.૧૫/૦૫/૨૦૦૬ ના રોજ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ અનુંસાર થયેલ અને ત્યારથી તેઓ પતિ પત્ની તરીકેનો સંબંધ ધરાવતા હતા. વિવાદીના લગ્નની સાથે વિવાદીની બેનના લગ્ન વિવાદીના ભાઇ સાથે થયેલ અને બંન્ને બહેનો એક જ ઘરમાં રહેતી હતી. જેમાં વિવાદીના સાસુ સસરા મકાનની નીચેના ભાગે, વિવાદી તથા વિવાદીના પતિ મેળાના ભાગે તેમજ વિવાદીની બહેન મેળાના ભાગે બીજા રૂમમાં લગ્ન થયા ત્યારથી રહે છે. પ્રથમ ૧૦ વર્ષ લગ્ન સારીરીતે ચાલેલ અને ત્યારબાદ સંતાન ન થતા વિવાદી પ્રત્યે અણગમો રાખતા હતા અને પ્રતિવિવાદી વ્યભીચારી જીવન જીવવાનું શરૂ કરેલ. હાલમાં પણ વિવાદી તેની સાસરી માંજ રહે છે. વિવાદીના સાસુ સસરા નીચે રહે છે, અને તેમની સાથે પ્રતિવિવાદી રહે છે. પ્રતિવિવાદી મહારાષ્ટ્ર રાજ્યમાં આંગડીયામાં નોકરી કરે છે, અને મહીને બે મહીને આવે ત્યારે અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવતા હોય વિવાદી સાથે પત્નિ તરીકેનો કોઇપણ જાતનો વ્યવહાર રાખેલ નથી. પ્રતિવિવાદીને કોઇપણ જાતનો ત્રાસ આપેલ નથી. પ્રતિવિવાદીએ નામદાર નીચેની કોર્ટમાં છુટાછેડા મેળવવા માટે દાખલ કરેલ એચ.એમ.પી.માં વિવાદીનું સરનામુ સાસરી મુકામેનું કંબોઇ નું દર્શાવેલ છે, અને વિવાદીને જે નોટીસ આપેલ તે નોટીસમાં પણ કંબોઇ મુકામેનું સાસરીનું સરનામુ દર્શાવેલ છે. જે નોટીસ વિવાદી ઉપરના ભાગે રહેતા હોય અને નીચેના ભાગે પ્રતિવિવાદી તથા સાસુ સસરા રહેતા હોય લેવાની ના પાડે છે, તેવો ખોટો શેરો કરી પરત મોકલી આપેલ છે, તેમજ એચ.એમ.પી.ના કામે કોર્ટથી જે નોટીસ આવેલ તે નોટીસમાં પ્રતિવિવાદી એ ભળતી ખોટી સહી કરાવીને નોટીસ સ્વીકારી દિધેલ છે, અને

તે વખતે વિવાદી મકાનના ઉપરના ભાગે રહે છે, તેવુ બેલીફને જણાવ્યા વિના ઈરાદા પૂર્વક ખોટી નોટીસ બજવણી કરાવી વિવાદીને સદર કેસ બાબતની કોઈપણ જાણ ન હોવા છતા એક તરફી ચલાવવા ઓર્ડર કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવિવાદી તરફે સરતપાસનું સોગંદનામુ રજુ કરી વિવાદીનો બચાવનો હક્ક બંધ કરાવડાવી એક તરફી હુકમ મેળવેલ છે. વિવાદીને બચાવ કરવાની કોઇ તક મળેલ નથી. પ્રતિવિવાદી તરફે તા. ૩૦/૦૭/૨૦૨૧ના રોજ હુકમનામુ મેળવેલ હોવા છત્તા અને વિવાદી પ્રથમ માળે રહેતા હોવા છતા તેઓને કોઇ જાણ કરવામાં આવેલ નથી પરંતુ તા.૧૪/૦૭/૨૦૨૩ના રોજ વિવાદીના પિતાશ્રીના ઘરે રજી.પોસ્ટ એડીથી હુકમની નકલ મોકલીને જાણ કરેલ છે. ત્યારબાદ વિવાદીને જાણ થતા હાલની અપીલ દાખલ કરેલ છે. પ્રતિવિવાદીએ આજદિન સુધી બીજા લગ્ન કરેલ નથી. પ્રતિવિવાદીએ તેઓના જવાબમાં બીજા લગ્ન કરેલાનું જણાવી તેનું સર્ટીફીકેટ રજુ કરવા જણાવેલ તેમછતા આજદિન સુધી લગ્નનોધણીનું કોઇ સર્ટીફીકેટ કે લગ્ન થયા અંગેનું સોગંદનામુ રજુ કરેલ નથી. આમ, ખોટી હકીકતો નામદાર કોર્ટ સમક્ષ જણાવેલ છે, અને નામદારનીચેની કોર્ટમાંથી ગેરકાયદેસર રીતે એક તરફી હુકમનામુ મેળવેલ હોય તે હુકમ તથા હુકમનામુ રદ કરવા વિકલ્પે વિવાદીને પુરાવો રજુ કરવાની યોગ્ય તક આપવા સારૂ સદરહુ કેસ નીચેની કોર્ટમાં રીમાન્ડ કરવા અરજ કરેલ છે.

૯.. પ્રતિવિવાદી તરફે આંક-૧૦ થી લેખીત દલીલો રજુ કરેલ છે. વધુમાં પ્રતિવિવાદીના વિ.વ.શ્રી એમ.આઇ.મનસુરી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવિવાદી તરફે નામદાર ટ્રાયલ કોર્ટમાં છુટા છેડા માટે એચ.એમ.પી. દાખલ કરેલ તે અરજીના કામે વિવાદીને કાયદેસર રીતે સમંસ બજેલ છે પરંતુ વિવાદી તરફે હાજર થઈ કોઇ જવાબ રજુ કરેલ નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી. વિવાદીને નામદાર કોર્ટનો સમંસ કોઇ પોલીસ અધીકારી દ્વારા બજાવવામાં આવેલ નથી પરંતુ નામદાર કોર્ટના બેલીફ દ્વારા બજાવવામાં આવેલ છે, અને સદર સમંસ બજ્યા અંગેની નોધ રાખવામાં આવે છે. પરંતુ વિવાદી નામદાર ટ્રાયલ કોર્ટમાં હાજર થયેલ ન હોય

અપીલના કામે ખોટી હકીકતો જણાવે છે. વિવાદીને એચ.એમ.પી.ની નોટીસ યોગ્ય સરનામે બજાવવામાં આવે છે, અને પ્રતિવિવાદીએ બીજા લગ્ન કરેલાની જાણ થતા હાલની વિવાદી અપીલ કારણ વિના ઉભી કરેલ છે, તે રદ થવાને પાત્ર છે. નામદાર નીચેની કોર્ટનું રેકર્ડ વંચાણે લેવામાં આવે તો પણ વિવાદીને નોટીસની કાયદેસરની બજવણી થયેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં, રજીસ્ટર પોસ્ટથી પણ વિવાદીને સમંસની બજવણી કરાવેલ છે જે લેવાની દરકાર કરેલ નથી અને ત્યારબાદ વિવાદી સતત ગેરહાજર રહેવાથી નામદાર કોર્ટે એક તરફી કેસ ચલાવી હુકમ કરેલ છે જે યોગ્ય અને વ્યાજબી છે જેથી હાલની રે.દિ.અપીલ રદ થવાને પાત્ર છે. વિવાદીને હુકમની જાણ કરવા પાછળનું મુખ્ય કારણ પ્રતિવિવાદીએ છુટાછેડા થવાથી બીજા લગ્ન કરી દિધેલ છે, અને વિવાદી બીજા પત્નીને હેરાન પરેશાન ન કરે તે સારૂ ઓર્ડરની નકલ મોકલી આપેલ છે. બીજા લગ્નથી પ્રતિવિવાદી તથા તેના ઘરના સભ્યો ખુશ છે. જો નામદાર કોર્ટ સદર એચ.એમ.પી. નો હુકમ રદ કરી ફરી ચલાવવાનો હુકમ કરી રીમાન્ડ કરે તો પ્રતિવિવાદીને ઘણુ નુંકશાન થાય તેમ છે, અને તેઓની પત્નીને નુંકશાન થાય તેમ છે. વિવાદીને કાયદેસર રીતે નોટીસની બજવણી થયેલ છે, અને રજુઆત કરવાની તક આપેલ છે જેથી વિવાદીનો હાલનો બચાવ યોગ્ય ન હોય વિવાદીની વિવાદ અપીલ ખર્ચ સહિત નામંજુર કરવા અરજ કરેલ છે.

૧૦.. સદરહું અપીલના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

(૧) શું. મે. પાટણના ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીએ એચ. એમ. પી. નં. ૦૬/૨૦૨૦ ના કામે તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામામાં હસ્તક્ષેપ કરવાની જરૂર છે, અને સદરહુ દાવો ફરી ચલાવવા સારૂ પરત મોકલવાની જરૂર છે ?

(૨) શું હુકમ અને હુકમનામું.

૧૧.. સદરહું ઉપરોક્ત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દા નં. ૧ અને ૨ઃ–</u>**

૧૨.. ઉપરોક્ત મુદ્દાઓ કાયદા અને હકીકતની દ્રસ્ટીએ એકબીજા સાથે સંકળાયેલ હોય વારંવાર પુનરાવર્તન ટાળવાના હેતુ થી તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૧૩.. અરજદાર તરફે નામદાર ટ્રાયલ કોર્ટમાં હિન્દુ મેરેજ એક્ટની કલમ ૧૩(૧) (૧–એ) તથા (૧–બી) મુજબ છુટાછેડા મેળવવા અરજી દાખલ કરેલ. સદરહુ અરજીના કામે નામદાર ટ્રાયલ કોર્ટે અરજદારની તરફેણમાં લગ્ન વિચ્છેદનું હુકમનામુ કરતા સદર હુકમથી નારાજ થઇ હાલની અપીલ દાખલ કરેલ છે. વિવાદી તરફે હાલની અપીલના કામે મુખ્યત્વે એવી તકરાર લીધેલ છે કે નામદાર ટ્રાયલ કોર્ટમાં પ્રતિવિવાદીએ છુટાછેડા મેળવવા માટે જે અરજી દાખલ કરેલ છે, તે અરજીની નોટીસની બજવણી તેઓને થયેલ નથી. વિવાદી પ્રતિવિવાદીના ઘરે ઉપરના માળેજ રહેતા હોવાથી તેનો લાભ લઈ વિવાદીને કોઈપણ જાતની જાણ કર્યા વિના ભળતી વ્યક્તિની સહી કરાવી ખોટી નોટીસની બજવણી થયેલાનું બતાવી એક તરફી હુકમનામું મેળવેલ છે. જેથી તેઓને નામદાર ટ્રાયલ કોર્ટમાં પુરાવો રજુ કરવાની કોઇ તક મળેલ નથી, જેથી વિવાદીને પુરાવાની તક આપવા માટે અરજી રીમાન્ડ કરવા અરજ કરેલ છે. આ કામે નામદાર ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લેવામાં આવે તો વિવાદીને મુદત તા.૨૬/૦૩/૨૦૨૧ના રોજની નોટીસની બેલીફ મારફતે બજવણી કરાવવામાં આવેલ છે. જે નોટીસ નામદાર ટ્રાયલ કોર્ટના રેકર્ડમાં આંક–૯ થી રજુ થયેલ છે. જેમાં સોલંકી કનકબા હઠીસીંહ તરીકે સહી કરવામાં આવેલ છે. આ કામે વિવાદીએ દાખલ કરેલ વિવાદ અપીલ તથા વકીલપત્રમાં જે સહી કરેલ છે, તે તથા વિવાદીને અરજીના કામે બજેલ નોટીસમાં કરેલ સહી સરખાવવામાં આવે તો બજેલ નોટીસમાં કરેલ સહી વિવાદ અપીલ તથા વકીલપત્ર માં કરેલ સહી થી થોડીક અલગ પડતી હોવાનું

જણાય છે. વધુમાં, પ્રતિવિવાદીના જણાવ્યા મુજબ નામદાર ટ્રાયલ કોર્ટથી વિવાદીને રજીસ્ટર પોસ્ટ એડી. થી પણ નોટીસની બજવણી કરવામાં આવેલ જે લેવાની ના પાડતા પરત આવેલ છે. જે રજીસ્ટર પોસ્ટનો બીડો આંક-૮ થી નામદાર ટ્રાયલ કોર્ટના રેકર્ડમાં રજુ થયેલ છે. પરંતુ આ કામે અરજદાર પોતે નીચે રહે છે જ્યારે સામાવાળા પ્રથમ માળે રહે છે જેથી રજીસ્ટર પોસ્ટ એડીથી નોટીસની બજવણી કરવા મોકલવામાં આવેલ તે વિવાદીને અંગત રીતે બજવણી કરવાનો પ્રયત્ન થયેલ છે કે કેમ તે ફલીત થતુ નથી. પ્રતિવિવાદીએ પોતે પણ પોસ્ટમેન કવર લઇને આવેલ હોય અને તેને લેવાની ના પાડેલ હોવાનું જણાવેલ હોય અને તે કારણે પોસ્ટમેને માલીક લેવાની ના પાડવાથી મોકલનારને પરત તેવો શેરો કરીને પરત મોકલી આપેલ હોય. આમ, વિવાદીને નોટીસની યોગ્ય રીતે બજવણી થયેલ છે કે કેમ તે શંકાસ્પદ જણાય છે. વધુમાં, પ્રતિવિવાદી તરફે એચ.એમ.પી. નં. ૦૬/૨૦૨૦ના કામે તા.૩૦/૦૭/૨૦૨૧ના રોજ હુકમનામુ થયા બાદ તેની જાણ વિવાદીને કરવામાં આવતી નથી પરંતુ વિવાદીના પિતાને તેઓના રહેઠાણના સરનામે તા.૧૪/૦૭/૨૦૨૩ના રોજ એટલે કે બે વર્ષ બાદ રજીસ્ટર પોસ્ટ એડીથી હુકમ તથા હુકમનામાની નકલ મોકલી આપવામાં આવેલ છે. પ્રતિવિવાદી પોતે જાણતા હતા કે વિવાદી વિરૂદ્ધ એક તરફી હુકમનામુ થયેલ છે, અને વિવાદી તેઓની પત્નિ ઉપરના માળે એકલા રહે છે, તેવા સંજોગોમાં તેઓને છુટાછેડાની અરજી કર્યા બાબતની અને તે છુટાછેડાની અરજીના કામે થયેલ હુકમની જાણ કરી શક્યા હોત પરંતુ વિવાદીની જાણ બહાર એક તરફી છુટાછેડાનું હુકમનામુ મેળવવા સારૂ પ્રતિવિવાદી તરફે પ્રયત્ન કરેલાનું જણાય છે. આમ, સદર હકિકતોની ચર્ચાને ધ્યાને લેતા વિવાદીને યોગ્ય રીતે નોટીસની બજવણી થયેલ ન હોવાના કારણસર તેઓ નામદાર ટ્રાયલ કોર્ટમાં હાજર રહી પુરાવો રજુ કરી શકેલ ન હોવાનું ફલિત થાય છે.

૧૪. આ કામે પ્રતિવિવાદી તરફે છુટાછેડાનું હુકમનામુ મેળવ્યા બાદ બીજા લગ્ન કરી દિધેલાનું જણાવેલ છે પરંતુ તેઓએ આંક-૮ થી આપેલ લેખીત જવાબમાં કોની સાથે બીજા લગ્ન કરેલ છે, તે બાબતનો કોઇ સ્પષ્ટ

ખુલાસો કરેલ નથી. વધુમાં, પ્રતિવિવાદીએ તેઓના જવાબમાં જરૂર પડે તેવો રજીસ્ટર મેરેજ કર્યા અંગેનું સર્ટીફીકેટ રજુ કરશે તેમ જણાવેલ છે. જો પ્રતિવિવાદીએ બીજા લગ્ન કરેલ હોય અને તેનો પુરાવો આ કામે રજુ કરવામાં આવે તો આ અપીલનો કોઇ અર્થ રહે નહી જેથી પ્રતિવિવાદીને બીજા લગ્ન કર્યા હોય તો તે અંગેનો જરૂરી પુરાવો સોગંદનામા સાથે રજુ કરવા જણાવવા છતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી. કયા સંજોગોમાં રજુ કરવામાં આવેલ નથી તે બાબતે કોઇ સ્પષ્ટ ખુલાસો પ્રતિવિવાદી તરફે કરવામાં આવેલ નથી. જ્યારે વિવાદી પોતે હાલ પણ પ્રતિવિવાદીના મકાનમાં પ્રથમ માળે એકલા રહે છે, અને તેઓએ **આંક–૧૧** થી સોગંદનામુ રજુ કરી સ્પષ્ટ જણાવેલ છે કે પ્રતિવિવાદીએ આજદિન સુધી બીજા લગ્ન કરેલ નથી. આમ, પ્રતિવિવાદી મહત્વની હકીકતો છુપાવતા હોવાનું જણાય છે. જેથી પ્રતિવિવાદીએ બીજા લગ્ન કરેલ ન હોવાનું માનવાને કારણ રહે છે. આ કામે વિવાદીને પ્રતિવિવાદીએ કરેલ છુટાછેડાની અરજીના કામે પુરાવો રજુ કરવાની યોગ્ય તક મળેલ નથી. જેથી વિવાદીને યોગ્ય તક મળે તે કારણસર પ્રતિવિવાદીએ દાખલ કરેલ એચ.એમ.પી. નં. ૦૬/૨૦૨૦ની ફરીથી ચલાવવા સારૂ અને વિવાદીને પુરાવો રજુ કરવા સારૂ રીમાન્ડ કરવી ન્યાયોચીત જણાતુ હોય ન્યાયના હીતમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરૂ છું.

**–ઃ હુકમ ઃ–**

- વિવાદીની વિવાદ અપીલ આથી અશંતઃ મંજુર કરવામાં આવે છે.
- મે. પાટણના ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીએ એચ.એમ.પી. નં. ૦૬/૨૦૨૦ ના કામે તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે, અને સદરહુ અરજી ફરીથી ચલાવવા સારૂ નામદાર ટ્રાયલ કોર્ટમાં પરત મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.
- નામદાર ટ્રાયલ કોર્ટે સદરહુ દાવાના કામે અરજદાર તરફે પુરાવો રજુ કરેલ છે, તે સિવાય વાદી તરફે વધુ પુરાવો રજુ કરવો હોયતો

અરજદારને તક આપવી તેમજ સામાવાળાને જવાબ તથા પુરાવો રજુ કરવા માટે જરૂરી તક આપવી. વધુમાં અરજી જુની હોય રોજ બરોજ ચલાવી પુર્ણ કરવી.

- ઉપરોક્ત હુકમ મુજબ હુકમનામું દોરવું.
- એચ. એમ. પી. નં. ૦૬/૨૦૨૦ નું અરજીનું અસલ રેકર્ડ નામદાર ટ્રાયલ કોર્ટમાં મોકલી આપવું સાથે આ હુકમની એક નકલ મોકલી આપવી.

હુકમ આજરોજ તાઃ **૨૭મી, માહે ૦૩, સને. ૨૦૨૬,** ના ખુલ્લી અદાલતમાં મારી સમક્ષ વાંચી સંભળાવી મારી સહી તથા સીક્કો કરીને જાહેર કર્યો.

મું. પાટણ.
**તા.૨૭/૦૩/૨૦૨૬**

**(પ્રશાંતકુમાર હસમુખલાલ શેઠ)**
પ્રીન્સીપલ ડિસ્ટ્રીક્ટ જજ
પાટણ.
(**JUDGE CODE–GJ**00524)